મીજલસ

યાને મોતનો માર્ગ

અહિંસા ને માનવતા વિષે
રહસ્ય-પૂર્ણ ચર્ચા કરતી
એક કલ્પનાજનિત નવલિકા:

—હૈદ્રાબાદ-દક્ષીણ—

શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રચારક
મંડલીઃ ઑ. સેક્રેટરી શ્રીયુત
શેઠ લાલજી મેગજી દ્વારા

પ્રકાશિત

—શ્રીકાન્ત

હૈદ્રાબાદ (દક્ષીણ) ની

શ્રી જીવરક્ષા જ્ઞાનપ્રચારક મંડલીના

—ઉદ્દેશો—

અહિંસા પ્રત્યેક સામાજિક નીતિનું સાચું અને પ્રજામુખ્ય અંગ છે. એ તત્ત્વનો નિશ્ચય કરી સર્વ સાધારણમાં સર્વતઃ પ્રચાર કરવો, એ ડળીનો મુખ્ય ઉદ્દેશ છે. આ મંડળી નિમ્ન લિખિત સુધારા આગ્રહપૂર્વક સમર્થન અને પ્રયત્નપૂર્વક પ્રચાર કરશેઃ—

"ઇંદ્રિયજ્ઞાન યુક્ત" સર્વ પ્રાણીઓને હરેક પ્રકારની નિર્દયતાથી બચાવવા પ્રયત્ન કરવો.

વૈજ્ઞાનિક, આત્મિક, મિતવ્યયિક, અને આયુર્વેદિક દષ્ટિકોણે શુદ્ધ શાકાહારથી તથા મદ્યપાન અને અન્ય માદક દ્રવ્યોના ત્યાગથી થતા લાભ પ્રજાને સમજાવવા.

ધર્મ અથવા રૂઢિના નામથી પ્રચલિત પશુબલિ આદિ નિર્દયતા પૂર્ણ પ્રથાઓને સંપૂર્ણતાએ બંધ કરવાને માટે અધિકારી વર્ગને વિનંતિ કરવી અને પ્રજામતને તદનુકૂલ કરવો.

(૪) પરદેશથી મંગાવેલ અથવા મંડળી દ્વારા ખાસ રચાવીને વિવિધ ભાષાઓમાં પ્રકાશિત કરેલું અહિંસા સંબંધી સાહિત્ય જનતામાં વહેંચવું.

(૫) જનકલ્યાણના અરાજકીય પ્રશ્નોને અપનાવવા.

મીજલસ

યાને

મોતના માર્ગે.

:: લેખક ::

ચીમનલાલ નાથાલાલ શાહ.

[શ્રીકાન્ત]

—ઍ. સેક્રેટરી.

:: પ્રકાશક ::

શેઠ લાલજી મેગજી.

—ઑ. સેક્રેટરી

શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડળી.

હૈદ્રાબાદ (દક્ષિણ)

વીરાત્ ૨૪૫૫
વિ. સં. ૧૯૮૫

મૂલ્ય ૦-૦-૬

પ્રથમાવૃત્તિઃ
પ્રત ૫૦૦૦

નિમિત્ત નિર્દેશ.

જે આર્યભૂમિએ અસંખ્ય અહિંસક મહાત્માઓ પ્રગટાવી 'સર્વ દેશ શિરોમણિ' પદ ધારણ કર્યું હતું, ત્હેનાંજ તનુજો આજે કાલ-પ્રભાવે કે સંગતિના સંયોગે માંસાહારી અને મદ્યપાની બની ત્હેવી જીવલેણ અને ફનાગીરીની બુરી આદતોમાં ફસાયા છે. માંસાહાર અને મદિરાપાનથી થતા નુકશાન માટે વૈજ્ઞાનિક ને વૈદકીય, સામાજિક ને રાજકીય તેમજ ધાર્મિક દૃષ્ટિયે ઘણું સાહિત્ય બહાર પડ્યું છે.

છતાં વાર્તા, એ આકર્ષણ છે ને ત્હેમાં ગુંથાએલાં સત્યો માનવ-હૃદય ઉપર વિશેષ અસર કરે છે, એ અનુભવસિદ્ધ છે. આ વિચારે પ્રેરાઇ આ વાર્તા લખાઇ છે અને વાંચકો તથા ધનિકોનો સહકાર ને પ્રોત્સાહન મળતાં આવા અનેકવિધ પ્રયાસો આદરવા અભિલાષા છે.

વાસ્તવિક રીતે પ્રસ્તુત પુસ્તકનું શ્રેય આ મંડળીના આ. સેક્રેટરી શ્રીયુત શેઠ લાલજીભાઇને ઘટે છે કે જેમની પ્રેરણામાંથીજ આનું સર્જન થયું છે.

— શ્રીકાન્ત

ધી 'સૂર્યપ્રકાશ' પ્રિન્ટીંગ પ્રેસમાં પટેલ મૂળચંદભાઇ ત્રીકમલાલે છાપ્યું. ઠે. પાનકોરનાકા—અમદાવાદ.

પ્રકાશકનું પ્રાક્-કથન.

ઉદ્દેશને પહોંચી વળવા આદરેલી વિવિધ પ્રવૃત્તિઓમાંની જીવ-દયાને અંગેનું સાહિત્ય પ્રકાશવાની, આ મંડલીની એક પ્રવૃત્તિ છે. આજ સુધીમાં અમ્હે જુદી જુદી જાતનું સાહિત્ય પ્રગટ કર્યું છે અને સહર્ષ કહીશું કે, જનતાએ ત્હેનો સારો આદર કર્યો છે. માનીએ છીએ કે આ ટુંકી ઉપદેશક વાર્તા પણ આદરને પાત્ર થશે.

અત્રે મંડલીના કાર્યોની રૂપરેખા આપવી અસ્થાને નહિ ગણાય. વિ. સં. ૧૯૭૧ માં સ્થાપના થયાથી આજ સુધીનાં તેર વર્ષોમાં આર્થિક વિકટ સંયોગો વચ્ચે પણ આ મંડળીએ પોતાનું કાર્યક્ષેત્ર મક્કમપણે વિકસાવ્યું છે. પરદેશમાં ફરી આ મંડલીએ ઘણે સ્થળે સેંકડો માંસાહારીઓને શુદ્ધાહારી બનાવ્યા છે. ભજન મંડલી અને પ્રભાવસંપન્ન ઉપદેશકો દ્વારા આ મંડલીએ જુદી જુદી જગોએ થતા દેવીવધો અટકાવવામાં સફલતા સાધી છે. ચોપડીઓ, પત્રિકાઓ અને મ્હોટાં વૉલપોસ્ટરો છપાવી આ મંડલીએ સંખ્યાબંધ નિરપરાધી જીવોના જાનોનું સંરક્ષણ કર્યું છે. મેજીકલેન્ટર્નની પ્રવૃત્તિથી આ મંડલીએ જનતામાં અહિંસા પ્રેમ જગાવ્યો છે. તેમજ સારા ઉપદેશકોનાં જાહેર ભાષણો કરાવી આ મંડલીએ સ્થાનિક જન સમુહને પણ દયાપ્રેમી બનાવ્યો છે.

ઉપરાન્ત આ મંડલીના ફલસ્વરૂપે આ અજ્ઞાન અને હિંસા-પ્રધાન દક્ષીણ દેશમાં જીવદયાનું કાર્ય કરવા અનેક નવિન મંડલીઓ સ્થપાઇ છેઃ તેમજ અમ્હારી કાર્યપદ્ધતિનું સારી સારી મંડલીઓએ

પણ અનુકરણ કર્યું છે. આ સંબંધી વિસ્તારથી આપ રીપોર્ટોથી અ-થવા અમ્હારા છપાતા આલ્બમથી જોઈ શકો તેમ છો.

છતાં પાઠક મહાનુભાવે ખ્યાલમાં લેવું ઘટે કે, એ બધું ઉદાર-ચિત્ત શ્રીમન્તોની શુભ-ભાવના ને પ્રેરણા ઉપર અવલંબે છે. આ મંડલીની આવશ્યકતાઓ ઘણી છે. સ્થાયિ ફન્ડ પૂર્ણ નથી ને મંડલી પાસે પોતાનું મકાન નથી. પૈસાના અભાવે કેટલીય સફલતાસૂચક પ્રવૃત્તિઓ વિચારોમાં જન્મી ત્યાંજ મરે છે. તો સખી ગૃહસ્થોને આ મંડલીનું કાર્ય તપાસી મદદ કરવા ને એક લાખ રૂપીઆની યો-જનાનું સ્થાયિ ફન્ડ પૂર્ણ કરવા વિનવીએ છીએ. હાલ એજ.

હૈદ્રાબાદ. (દક્ષીણ)

લી. લાલજી મેગજી.

ઑ. સે. શ્રી જીવરક્ષા જ્ઞાન પ્ર. મંડલી.

અમ્હારા તરફથી લગભગ તૈયાર થઇ ચૂકેલા આલ્બમની ટુંક વિગત માટે કૃપયા સામેના પૃષ્ઠ ઉપર નજર ફેરવો !

મંડલીના આલ્બમની યોજના.

આ મંડલીને રૂ. ૫૦૧) કે તેથી વધુ મદદ દેનાર સખી ગૃહસ્થોના, મંડલીના કાર્યકર્તાઓના અને મંડલીના ખાસ શુભ ચિન્તકોના ફોટાઓનું આલ્બમ તૈયાર થઇ રહ્યું છે.

ઉપરાન્ત હેમાં મંડલીના શુભ પ્રયાસથી થયેલાં અનેક મહત્ત્વપૂર્ણ કાર્યોનું સંક્ષિપ્ત, સુરૂચિપૂર્ણ તેમજ સચિત્ર વર્ણન આપવામાં આવ્યું છે. અહિંસાત્મક આર્યભૂમિમાં ધર્મના નામે થતી પશુઓની કુરબાનીનાં દયાજનક દશ્યો અને રોમાંચક વિવરણ વાંચવા માટે આ એકજ પુસ્તક છે. આપ જરૂર વાંચો.

લગભગ સવાસો ફોટા, આકર્ષક છપાઇ, સુન્દર બાઇન્ડીંગ અને ગ્લેઝડ તથા આર્ટ કાગળો ને વધુમાં વાંચવા લાયક વૃત્તાન્ત છતાંય—

કીંમત માત્ર પાંચ રૂપીઆ.

હવે અમ્હારો વિચાર–યોગ્ય સંખ્યામાં નવા મદદનીશો મળી રહ્યા બાદ સુધારા–વધારા સાથે આલ્બમનો બીજો ભાગ બહાર પાડવાનો છે. રૂ. ૫૦૧) અથવા તેથી વધુની મદદ મોકલી આપ અથવા આપ ચાહો હેને આલ્બમમાં અમર કરી શકો છો. ઉપરાન્ત જીવ-દયાના ધર્મ્ય અને પવિત્ર કાર્યમાં સહાયક થઈ શકો છો. આમ 'એક પંથ દો કાજ' આપ કરી શકો છો.

વધુમાં દરસાલ પ્રકટ થતા અમ્હારી કાર્યવાહી ને આયવ્યયના હિસાબના રીપોર્ટમાં પણ આપનો ફોટો પ્રગટ કરવામાં આવશે.

મંડલીને મદદ કરવાની—

—ત્રણ પ્રકારની યોજના

૧. સ્થાયિ ફંડ—

મંડલીના કાર્યને સ્થિર તથા નિશ્ચલ બનાવવાને માટે આ ફંડમાં ઓછામાં ઓછા એક લાખ રૂપીઆ એકત્રિત થવા જોઇએ.

હેની યોજના:—

(અ) રૂ. ૫૦૧) અથવા એથી અધિક રકમના દાતાઓ આ સંસ્થાના 'પોષક' ગણાશે તેમજ તેઓનાં શુભ નામ તખ્તી ઉપર લખાશે.

(આ) રૂ.૨૫૧) અથવા એથી અધિક રકમના દાતાઓ આ સંસ્થાના 'આશ્રય દાતા' ગણાશે.

(ઇ) રૂ. ૧૨૫) અથવા એથી અધિક રકમના દાતાઓ આ સંસ્થાના 'આજીવન સભ્ય' ગણાશે.

૨. મકાન ફન્ડ—

મંડલી પાસે પોતાને યોગ્ય મકાન ન હોવાથી ભાડાના મકાનમાં પુસ્તકાલય-કાર્યાલય વિગેરેની વ્યવસ્થા કરવી પડી છે. આ ફન્ડના રૂપીઆની જમીન ખરીદેલી તે તેમજ પડી છે. એક તરફ

વ્યાજ બન્ધ છે ને બીજી તરફ ભાડું ભરવું પડે છે. અત્યારે આ ફંડમાં ઓછામાં ઓછા પંદર હજાર રૂપીઆની જરૂર છે. ત્હેની યોજના:—

(અ) રૂા. ૧૦૦૧) અથવા એથી અધિક રકમના દાતાઓ આ સંસ્થાના 'પ્રધાન પોષક' ગણાશે અને તેઓનાં નામોની તખ્તી મંડલીના નવા મકાનના દ્વાર ઉપર ચણાવવામાં આવશે.

(આ) રૂા. ૧૦૦૧) થી ઓછી રકમના દાતાઓની દાનની રકમનો સરવાળો કરીને "એકંદર" ના હેડીંગથી તખ્તીમાં લખવામાં આવશે.

∵

નોંધ:—ઉપરનાં ઉભય ફન્ડોમાં રૂા. ૫૦૧) અથવા એથી વધુ રકમ આપનાર ગૃહસ્થોના ફોટુઓ ચાલુ સાલના રીપોર્ટમાં તેમજ આલ્બમમાં પણ છપાશે.

∵

૩. સહાયતા ફંડ—

આ ફંડમાં આપ નાનામાં નાની રકમ દાન આપી શકો છો. અને બીજાઓને પણ મદદ કરવા પ્રેરી શકો છો. આ ફંડમાંથી તેમજ સ્થાયિફંડના વ્યાજમાંથી મંડલીનો નિભાવ ખર્ચ ચાલે છે. સાહિત્ય પ્રકાશન, ભજનમંડલી, પરદેશમાં પ્રચારકાર્ય, ઉપદેશકો તથા ઑફીસનું ચાલુ ખર્ચ આ દ્વારા નભે છે. કિન્તુ સ્થાયિ ફન્ડ અપૂર્ણ

હોવાને કારણે ચાલુ પ્રગતિમાં અનેક વિઘ્ન ઉપસ્થિત થાય, તે સ્વાભાવિક છે.

∴

આ માટે અમ્હે ઇચ્છીએ છીએ કે–મૂગાં અને નિરપરાધિ પશુ–પક્ષીયોના જાનનું શકય સંરક્ષણ કરવામાં આપ ઉપર જણાવેલ ત્રણમાંથી કોઈ પણ પ્રકારે સહાયભૂત થશો.

આના કારણે–

આપ મહત્ પૂણ્યના ભાગી થશો. સેંકડો માંસભક્ષી મનુષ્યોના તારક થવાનું સદ્ભાગ્ય ત્હમને સાંપડશે, સેંકડો હૃદયોમાં અહિંસાનો આદર્શ ઠસાવવાના શ્રેયો–ભાગી ત્હમે થશો તથા નિરપરાધી જીવોની હાર્દિક અને સાચી શુભાશિષો આપ મેળવી શકશો.

મદદ મોકલવાનું ઠેકાણું:–

ઠે. ટટ્ટસમંડી, હૈદ્રાબાદ (દક્ષીણ)

શેઠ લાલજી મેગજી.
—ઑ. સેક્રેટરી.
શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડલી.

મીજલસ યાને મોતના માર્ગે.

(૧)

આજે યોગેશ્વરાનંદને ત્યાં મિજલસ હતી. અનેક સ્નેહિઓને આમંત્રણો મોકલ્યાં હતાં. રમાકાન્તને પણ એક મળ્યું હતું. મીજલસનો ટાઈમ રાત્રિના આઠનો હતો કિન્તુ વ્હેલા જઈ મિત્રના કાર્યમાં સહાયક થવાના વિચારથી તે જલ્દિ રવાના થયો. રસ્તે એના હાર્દમાં મીજલસની ધુન લાગી હતી. ચાલતાં ચાલતાં તે વિચાર-તરંગમાં ઝુલવા લાગ્યોઃ " અહા, આજે બધા મિત્રો મળશે. ખાવા-પીવાનો આનંદ આવશે. માંસ અને મદિરાની લ્હેજતમાં રાત્રિ પસાર થશે. Oh, to-day is the golden night. ખરે, આજે સુવર્ણ રાત્રિનો અનુભવ થશે. " આ વિચારોમાં તે અવ્યક્ત આનંદ અનુભવતો રસ્તો કાપતો હતો. ઘણાય કલ્પનાજીવી મનુષ્યો આમ સુખદુઃખની લાગણી અનુભવે છે: અને જાગૃતાવસ્થામાં સ્વપ્નાં જુએ છે. રમાકાન્ત આ જાતની સુખી

કલ્પનામાં વિચરતો વીકટોરીયા પાર્કના દરવાજા પાસેથી પસાર થતો હતો તેટલામાં શશિકાન્તના દેહ–સ્પર્શે ત્હેની વિચાર નિદ્રા તોડી. તત્કાલ સ્વસ્થ થઈ હસ્તધૂનન કરતાં મીજલસની ધૂનમાં ત્હેણે શશિકાન્તને પૂછ્યું:

" મિત્ર ! યોગેશ્વરાનન્દને ત્યાંની મીજલસમાં તો ચાલવું છે ને ? ચાલ, હું ત્યાંજ જાઉં છું."

રમાકાન્તનું આ વાકય પૂર્ણ થતાં પહેલાં તો શશિ-કાન્તના મુખ ઉપર ક્રોધ ને હતાશતાની છાયા પ્રસરી ગઇ હતી. ત્હેની આંખોમાં રક્ત તરી આવ્યું. ત્હેનું શરીર કંપતું હોય તેમ લાગ્યું. રમાકાન્તે ધાર્યું: 'કદાચ યોગેશ્વરાનંદ આમંત્રણ મોકલવાનું ભૂલી ગયો હશે માટે આ લાલ–પીળો થઇ ગયો. તેથી ત્હેણે કહ્યું:

" ત્યારે ત્હને આમંત્રણ નથી મળ્યું ? "

શશિકાન્તે એકદમ ખીસ્સામાં હાથ નાંખ્યો ને ગ્લેઝડ કાગળમાં સુન્દર છપાઇથી શોભતી પત્રિકા કાઢી બોલ્યો:

" આ રહ્યું એ આમંત્રણ ! "

ને આટલું કહેતાં ત્હેની લાગણી ઉશ્કેરાઇ ગઈ. તૂર્ત જ ત્હેણે પત્રિકાના ટુકડા કરી જમીનને આધિન કર્યા. રમાકાન્ત મુંઝાયો. શશિકાન્ત જેવા સુશીલ મિત્રના આવેશનું કારણ તે ન કલ્પી શકયો. ત્હેણે શશિકાન્તને ખભે હાથ મૂકી પ્રેમથી ગળગળા થઇ મીઠા સાદે પૂછ્યું:

“ આજે ત્હને થયું છે શું ? ”

“ કાંઇ નહિ. ચાલ આ બાગમાં બેસીએ. પછી ત્હને કહું.” આમ કહી રમાકાન્તનો હાથ પકડી શશિકાન્ત વીક્ટોરીયા પાર્કમાં પેઠો અને એક બાંક ઉપર બેઉ બેઠા.

(૨)

“ શું કહું ? રમાકાન્ત ! દુનિઆ નિર્બલોને સતાવે છે ને સબલોને ચરણે ઝુકે છે. નમતાને માથે ટપલીઓ પડે ને અક્કડની લાતો ખવાય. આજે મનુષ્યો ખરી માનવતા ભૂલી પાશવિક વૃત્તિના પંથે પ્રગતિ કરે છે. દયા, પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય જેવા સદ્ગુણોના સ્થાને ક્રૂરતા, નિર્દયતા, વિલાસિતા અને સ્વાર્થલોલુપતા જેવા દુર્ગુણો ઘર કરતા જાય છે. અને સુધરેલા તથા ભણેલા કહેવાતાઓ પણ આમાં ફસાય છેઃ એ શોકનું કારણ નથી શું ? ” આટલું બોલી શશિકાન્ત આતુર નેત્રે નજદિક બેઠેલ મિત્રને નિહાળી રહ્યો.

રમાકાન્ત મૂળ વાતને સમજી શકયો નહિ. ત્હેને લાગ્યું કે, નાટકના એકટરની માફક શશિકાન્ત સમાજ–સુધારા વિશેના કોઇક ભાષણનું ‘ રીહર્સલ ’ કરી રહ્યો છે. મીજલસમાં જવાના આમંત્રણને અને આ વસ્તુને સંબંધ શો ?, તે રમાકાન્તથી કળી શકાયું નહિ. એટલે ત્હેણે પૂછયુંઃ

" પણ હું ત્હારા કથનનો ભાવાર્થ સમજી શકતો નથી !"

"શક્ય છે !" શશિકાન્તે કહ્યુંઃ "જો, હું ત્હને સમજાવું. આજની મીજલસમાં અનેક નિરપરાધી પ્રાણીઓના ક્રૂર સંહારથી બનેલી રસોઇ જમવાની છે, અને ભાન ભૂલાવનારી મદિરાદેવીનાં પૂજન થવાનાં છે. મનુષ્યોને મન પોતાની મીજલસ અને પશુઓની મ્હોંકાણ ! શું આ સભ્યતા છે ?"

રમાકાન્ત આ સાંભળી ખડખડ હસી પડયો. શશિકાન્ત, એને ઘડીભર માટે પાગલ જણાયો. અનેક મીજલસોમાં પોતાની પાસે બેસી આનંદથી માંસનું ભક્ષણ કરનાર એજ શશિકાન્ત આજે કેમ આવા શબ્દો બોલી રહ્યો હતો ? ક્ષણમાત્ર ત્હેને સ્વપ્નની ભ્રમણા થઇ. થોડા વખત પૂર્વે પોતે કલ્પના વિહારમાં રાચી રહ્યો હતો જ્યારે શશિકાન્ત અત્યારે કાંઇક ઇદં તૃતીયં ભાખી રહ્યો હતો. 'સો ઉંદર મારી હજ કરવા જતી બીલાડી'ની પ્રચલિત વાર્તા ત્હેને યાદ આવી. છતાં બધી લાગણીઓને રોકી ત્હેણે શશિકાન્તને કહ્યું: "ત્હને થયું છે શું ? કાંઇ ભ્રમણા થઇ છે કે કોઇએ ભભૂતિ નાંખી છે ? આવો પૂણ્યશાળી તું કયારથી થયો વળી ?"

રમાકાન્તના હાસ્યથી શશિકાન્તને આઘાત તો થયો: પરન્તુ જે પાપથી તે બચવા ઈચ્છે છે, ત્હેનાથી મિત્રને પણ બચાવી લેવાના શુભ ઇરાદાથી એ તરફ આંખ આડા કાન કરી ત્હેણે કહ્યું: " ન તો મ્હને બ્રમણા થઇ છે કે ન તો કોઇએ ભભૂતિ નાંખી છે. પણ આજનું એ દૃશ્ય જોતાં હું ફરી ગયો છું. અહા ! કેવું દયાજનક ! કેવું કરૂણાળ ! ભલભલાં હૈયાંને પણ હચમચાવે ત્હેવું ! હા ! મનુષ્ય કેવો સીતમગાર છે ? "

(૩)

રમાકાન્તને લાગ્યું કે, કાંઇક સાંભળવા જેવું બન્યું છે ખરૂં. તે જાણવાની જિજ્ઞાસાથી ત્હેણે પૂછ્યું:

" શશિકાન્ત ! એ કયું દૃશ્ય ? "

" આજે અમ્હારા એક સહકાર્યકર્તાની જન્મગાંઠ હોવાથો ટીપાર્ટી હતી " શશિકાન્તે પોતાની વાત શરૂ કરતાં કહ્યું:

" એટલે મ્હને બેંકમાં મોડું થયું. તેથી રોજની રીતિ અનુસાર ગાર્ડનમાં આવવાનો ટાઇમ થઇ ગયેલો હોઇ હું ગલીના ટુંકા રસ્તે નીકળ્યો. થોડે દૂર ગયા બાદ મ્હારે કાને કોઇ પશુનો પીડાજનિત અવાજ પડયો. હું એ

દિશાએ ગયો તો કેટલાંક ઘેટાંને લઇને એક કસાઈ ઉભો હતો. ત્હેના હાથમાં લોહીથી ખરડાએલી કાતીલ છુરી હતી. શરીરે ઉડેલા રકતના છાંટા ને ભયંકર મુખાકૃતિથી પીશાચ જેવો તે ભાસતો હતો. તે સીતમગારના પગ પાસે તડફડતું ઘેટું પડયું હતું. ગોળીથી વીંધાએલા કે તલવારથી ઘાયલ થયેલા માણુસની માફક ત્હેનું શરીર આમતેમ આળોટતું હતું.ને પર્વતમાંથી સરિતા વ્હેતી હોય તેમ એના કપાયેલા દેહમાંથી રક્તધારા છુટતી હતી. જમીન એથી તરબોળ બની હતી. આ ભયંકર દેખાવ અને ત્હેનો તરફડાટ જોઈ હું કમ્પી ઉઠયો. ”

“ પશુઓને વેદના હોય છે, એ આજ મ્હને પહેલ વ્હેલુંજ જણાયું. હું અત્યાર સુધી પશુઓને નિષ્પ્રાણ નહોતો સમજતો પણ ટેસ્ટદાર મોંસની રકાબી સ્હામે આવતાં પશુઓની એ પીડાનો ખ્યાલજ ન આવતો. કેવળ પોતાના જ સુખ તરફ જોનારાં ઘણુંય માણુસો બીજાનાં દુઃખને નથી સમજી શકતાં ને સમજે છે તો સ્વાર્થ કે જીહ્વાની લોલુપતાને વશ થઈ એને ભૂલી જાય છે. ” આટલું બોલી શશિકાન્ત મનુષ્યોની નિર્દયતાના વિચારમાં ગરકાવ થયો.

રમાકાન્તને વાતમાં રસ ઉપજ્યો હતો. શશિકાન્તે પછી શું કર્યું, તે ત્હેને જાણવું હતું. શશિકાન્તને સ્વસ્થ કરતાં ત્હેણે પૂછયું: “ પછી શું થયું ? ”

" જવા દે, રમાકાન્ત! એ કહેવામાં મઝા નથી!"

" મ્હારે તો સાંભળવું જ છે!"

" પણ ત્હને હસવું જ આવશે!"

" ના! હું માણસ છું. મ્હારામાં લાગણી વસે છે."

" તેથીજ મીજલસની મજા લુંટવા દોડે છે ને?

" આને ને મીજલસને સંબંધ શો છે?"

" તો સાંભળ!" શશિકાન્તે અધુરી વાત આગળ ચલાવી. ત્હેને લાગ્યું કે રમાકાન્ત સ્હેજ પલળ્યો ખરો!

" મ્હેં એ કસાઇને પૂછયું: 'ભાઇ! આ વધ શા માટે થાય છે? શું ત્હને દયા નથી આવતી?'

" મ્હારા આ પ્રશ્નને સાંભળી ત્હેણે ઉંચે જોયું અને યોગેશ્વરાનંદનો હું મિત્ર છું એમ પીછાની લીધું. એટલે હસતાં હસતાં ટકોર કરવાના ઇરાદાથી ત્હેણે કહ્યું:

' નામવર! જ્યારે આપને ખાતાં દયા નથી આવતી તો અમ્હને રોજગાર કરતાં શાની દયા આવે?'

" મ્હેં ખીજાઇને ત્હેને કહ્યું: 'એટલે તું શું કહેવા માગે છે?' કસાઇએ ઠંડા કલેજે ઉત્તર આપ્યો: 'એટલે આ આપ જેવાને માટે કપાય છે, સાહેબ!'

" હેં?" એટલું બોલતાં મારૂં માથું ભમવા લાગ્યું: પણ એણે તો ઉતાવળે કહીજ નાંખ્યું કે:

'સાહેબ! આપના મિત્ર યોગેશ્વરાનંદની મીજલસમાં પણ આવીજ મીઠાઈ છે.' મ્હારાથી આ ન સ્હેવાયું એટલે મ્હેં ત્યાંથી વણબોલ્યે ચાલતી પકડી.

(૪)

"એક મૂંગા પ્રાણીનું આમ અમ્હારા કેવળ આનંદ માટે ખૂન? બીચારા નિરપરાધીનું આ રીતે ભક્ષણ? શું ત્હેને પણ જીવન પ્રિય નથી? અમ્હે જીવવાને મથીએ ને સ્વતંત્રતા માટે લડતો ચલાવીએ છીએ ત્યારે બીજી બાજુ સ્વતન્ત્રતાપ્રિય કહેવાતા એજ અમ્હે નિર્દોષ જીવોનો નિર્દયતાપૂર્વક સંહાર કરીએ છીએ ને એની સ્વતન્ત્રતા લુંટીએ છીએ. જો અમ્હે અમ્હારી અગવડના કારણે બીજાનો નાશ કરી શકીએ છીએ તો બીજા પોતાની સગવડ અર્થે અમ્હારો વિનાશ કેમ ન કરી શકે? અને બીજાઓનો ક્રૂર વિનાશ કરનારને સ્વતંત્રતા જેવો શબ્દ ઉચ્ચારવાનો પણ શો અધિકાર છે?"

"આવા વિચારો હું એક ભીંતને માથું ટેકવી કરવા લાગ્યો."શશિકાન્ત કહ્યેજ જતો હતો. "ત્યાં બીજો કઠોર હૃદયને પણ ભેદી નાંખે એવો અવાજ આવ્યો. ઘેનમાંથી જાગ્યો હોઉં તેમ—યોગેશ્વરાનંદનું ઘર આજે અનેક પશુઓનું શ્મશાન બનવાનું છે, એ વિચારથી હું ત્યાંથી ભાગ્યો અને ગાર્ડન તરફ આવવા પગ ઉપાડયા."

"રસ્તામાં અચાનક મ્હેં લોકોનું ટોળું ઉભેલું જોયું. તે તરફ થોડે જતાં સંગીતનો મધુર ધ્વનિ આવ્યો. મનને શાન્ત કરવાના ઇરાદાથી હું એ ટોળામાં ભળ્યો. સેંકડો માણસો ત્યાં બેઠાં હતાં અને સંગીતની ધુનમાં ડોકાં ધુણાવી "વાહ! વાહ!" શબ્દ ઘડીએ ઘડીએ ઉચ્ચારતા હતા. કોઇ વાર સુધરેલા લોકો પણ તાળી પાડી Hear Hear પોકારતા હતા. જરા સારી જગ્યા જોઇ હું ત્યાં બેસી ગયો અને ગાયન સાંભળવા લાગ્યો."

"શરૂમાં તો મ્હને લાગ્યું કે આ લોકો પૈસા ભેગા કરતા હશે પણ પછી જણાયું કે, એ દયાની ભીક્ષા માંગી રહ્યા હતા. પશુઓના પોકારો અને નિર્દોષોના આર્ત્તનાદો સુણાવી રહ્યા હતા. મનુષ્યોને સાચી માનવતાનું ભાન કરાવી રહ્યા હતા અને આર્યોની આર્યતાનું દિગ્દર્શન કરાવતા હતા. ખરે, રમાકાન્ત! એ ગાયનોના શબ્દો હજુ કાનમાં ઝણઝણી રહ્યા છે ને હૃદયમાં રમી રહ્યા છે!" શશિકાન્ત જરા થોભ્યો.

"એ કોણ હતા?" રમાકાન્તે ઉત્સુકતાથી પૂછ્યું.

"હાં, એ તો કહેવાનું ભૂલીજ ગયો." હૈદ્રાબાદ (દક્ષીણ) **ની શ્રીજીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડલી'** ના એ ભજનિકો હતા."

"હા, એ વિશે તો મ્હેંય સાંભળ્યું છે ખરૂં. ખેર, પણ પછી થયું શું ? તે તો કહે !"

શશિકાન્તે પોતાની આત્મકથા આગળ ચલાવી: "લોકોની ખૂબ ઠઠ જામી એટલે સંગીત ખતમ થયું. ને એક ભાષણ કર્તા ઉભો થયો. ઉપર્યુક્ત મંડળીનો તે ઉપદેશક હતો. એ મીસ્ટરે અનેક યુક્તિઓ તથા દલીલોથી સિદ્ધ કર્યું કે, પશુઓ મનુષ્યોનાં પ્રાણ છે, અને એનો સંહાર કરવો તે, જે ડાળી પર પોતે બેઠેલ છે ત્હેને કાપવા જેવું છે. રમાકાન્ત ! એ ભાષણ અતિ ભાવપૂર્ણ હતું. ભાષણથી લોકો ઉપર બહુ સારી અસર થઇ: અને પુનઃ સંગીત શરૂ થયું. બાદ હું અત્રે આવવા નીકળ્યો. અને રસ્તે મ્હેં પ્રતિજ્ઞા કરી કે—માંસ ને મદિરા જેવી ક્રૂરતા અને ફના-ગીરીમાંથી ઉદ્ભવતી વસ્તુઓ મરણાન્તે પણ ઉપયોગમાં લેવી નહિ !" આટલું બોલી શશિકાન્ત મૌન રહ્યો અને ત્હેણે રમાકાન્ત તરફ અર્થસૂચક દૃષ્ટિ ફેંકી.

(૫)

શશિકાન્તને માટે રમાકાન્તના હૃદયમાં માન હતું. રમાકાન્તની નજરે શશિકાન્ત વિચારશીલને બુદ્ધિમાન્ હતો. આવો શાણો માણસ આમ પલળ્યો એટલે ભાષણ મહત્ત્વનું તો હોવુંજ જોઇએ. એટલે તેમજ ઘણા કાલથી સુ-તેલા દયાંકુરો રમાકાન્તના હૃદયમાં જાગ્યા હતા તેથી ત્હેણે કહ્યું:

"એ ભાષણનો ટુંક સાર મ્હને કહેશો ?"

"હા, ખૂશીથી."

શશિકાન્તે કહેવું શરૂ કર્યું: "સૌથી પહેલાં ત્હેણે પશુઓની ઉપયોગિતા વિશે બોલતાં કહ્યું–'સમસ્ત સંસારનું જીવન પશુઓ છે. નાના બાળકની મા મરી ગઈ હોય તો બકરીનું દુધ પવાય છે, ને બાલકનું જીવન ટકે છે. ઘેટાંઓનું ઉન શીયાલાની શરદીથી મનુષ્યોને બચાવે છે. વળી બેઉની લીંડીયો અને મુત્રનું ખાતર અનાજ ઉત્પન્ન કરવામાં સારામાં સારૂં મનાય છે. ગાયનું દુધ બુદ્ધિ વધારે છે, પુષ્ટ બનાવે છે ને બાલકો માટે ઉપયોગી લેખાય છે. ગાયનું છાણુ ઘર વિગેરે લીંપવામાં અને ખાતરમાં વપરાય છે. તેમજ ગાયનું મૂત્ર ઘણા રોગોમાં રામબાણ રૂપ નિવડે છે. ઉપરાન્ત ગાયનાં બચ્ચાં–બળદ ખેતીનું આનવાર્ય સાધન છે તેમજ પાડાઓ બોજ ખેંચવામાં ને ચુનાની ચક્કી વિગેરે ફેરવવામાં ઉપયોગી છે. આવાં પ્રાણીઓનો સંહાર કરીને મનુષ્યો વાસ્તવિક રીતે પોતાનાજ પગ ઉપર કુહાડી મારે છે. જહેનાં દુધથી મનુષ્યો પુષ્ટ થાય છે, જહેની ખેતીથી દુનિઆ જીવે છે ને જે પશુઓ ફક્ત ઘાસ ખાઈને પણ માનવસમાજની સેવા કરે છે: ત્હેને હણવાં એ કૃતઘ્નતા ને ક્રરતા વિના બીજું શું લેખી શકાય ?"

રમાકાન્તે કહ્યું: "સાચું ! તદ્દન સાચું !"

"વળી એણે કુદરતની દ્રષ્ટિએ કહ્યું: " શશિકાન્ત આગળ વધ્યો—" કે સર્વ જીવનો સમાન અધિકાર છે. જીવવવાનો હક્ક ત્હમે જેટલો ધરાવો છો તેટલોજ ત્હેનો છે. આપણને જેલ અને મરણ જેટલું ભયંકર લાગે છે તેટલુંજ પશુને પીંજરૂં અને વધ ત્રાસદાયક હોય છે. વાસ્તવિક દ્રષ્ટિએ કોઈ પણ જીવ કોઇનો ભક્ષ્ય નથી. છતાં મનુષ્યો જો પોતાના ઉપભોગ કે અનુકૂળતા ખાતરજ બીજા જીવોનો સંહાર કરવા તત્પર થાય તો પશુમાં અને માણસમાં ફરક શો? પશુ અજ્ઞાનવશ પોતાના સ્વાર્થ ખાતર બીજાના હકકને છીનવી ત્હેને ભક્ષ્ય બનાવે છે પરન્તુ મનુષ્ય સમજુ, સુધરેલો, ને બુદ્ધિસંપન્ન છે. તે બીજાના હકકોને કેમ લુંટાવે? પોતાના હકકોને માટે લડનારને બીજાના હકક છીનવવાનો શો અધિકાર છે? પારકા હકકો સાચવી પોતાના હકકનું સંરક્ષણ કરવું, એ ન્યાય અને માનવતા છે: જ્યારે પોતાના હકક કે આનંદની ખાતર બીજાના હકકો લૂંટવા, તે અજ્ઞાનતા ને પીશાચ વૃત્તિ છે. માટે કુદરત પણ કહે છે કે, ત્હમારે જીવવું હોય તો બીજાને જીવાડતાં શીખવુંજ જોઇએ!'

સ્વતન્ત્રતાનો સત્ય આદર્શ દર્શાવતા આ વક્તવ્યથી રમાકાન્ત મુગ્ધ થઇ ગયો હતો. કુદરતી ત્હેનાથી બોલાઇ ગયું "વાહ!"

શશિકાન્તે પોતાની વાત લંબાવી: “ બાદ તે ઉપદેશકે કહ્યું.–‘સર્વને જીવન વ્હાલું છે. હરેક પ્રાણિને જીવવાની ઝંખના છે. કીડી તાપમાંથી છાંયે જાય, તે જીવવા માટે! કુતરૂં લાકડી દેખી ભાગે, તે જીવવા માટે ! પાડો ડાંગ જોઇ દોડે તે જીવવાની અભિલાષાયે ! વાંદરાં ગોફણ જોઇ કુદી નાસે, તે જીવનની ઇચ્છાથી ! હરણ તીર જોઇ વાડો પર વાડો કુદી જાય તે મરણના ડરથી ! અને મનુષ્ય ઘર બાંધે, નોકરો રાખે, બારીઓ બંધ કરે, શસ્ત્રાસ્ત્ર સંઘરે, તેમજ કસરત કરી શરીરને કસે, એ કેવળ જીવનની આકાંક્ષાથી ! જ્યારે જીવન આપણને આટલું બધું પ્રિય છે તો બીજાના પ્રાણ કેમ હરાય? મરવું આપણને વસમું લાગે છે તો પશુ–પક્ષીયોને કેવું લાગતું હશે? છતાં આપણે નિર્દય મનુષ્યો એ નિરપરાધી, મૂગાં ને તૃણભક્ષક પશુઓને કેવળ સ્વાર્થ ખાતર, વિલાસ ખાતર કે મન્નતના નામે મારીએ છીએ અને એની ઝુકેલી ગરદન ઉપર કાતીલ છુરી ચલાવીએ છીએ. આથીય વધારે સીતમગારો આજકાલ તીર કે બન્દુકથી હસતાં હસતાં પોતાની સગવડતા ખાતર અનેક મૂગાં પશુઓનાં ખૂન કરે છે ને સભ્ય મનુષ્યોમાં ખપવા પ્રયાસ સેવે છે ! વાહ ! આર્યભૂમિનાં સંતાનો, વાહ! ”

શિશકાન્ત આમ બોલતાં રડુ રડુ થઇ ગયો અને બોલ્યો: “અને એ ભલા ઉપદેશકે ઉપસંહાર કરતાં કહ્યું:

'ભાઈઓ! આટલા ખાતર ત્હમારામાં બુદ્ધિ હોય, જ્ઞાન હોય, દયા હોય, વાત્સલ્ય હોય ને પરપીડા જાણુવાની શક્તિ હોય તો મૂગાં પ્રાણિઓનું સંરક્ષણ કરો! ત્હમારી સગવડતા ખાતર નિર્દોષોનાં કરપીણ ખૂન કરી કૃતઘ્ન ન બનો! અને દરેક ધર્મ પણ એનો નિષેધ કરે છે. બધાંય શાસ્ત્રો એકે અવાજે કહે છે કે, સુખ ચાહો તો સુખ આપો! હિંસા, એ પાપ છે અને અહિંસા એ ધર્મ છે. ધર્મ વિના સુખ નથીજ!' આમ બોલી ત્હેણે પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું."

(૬)

શશિકાન્તે પણ પોતાની વાતનો અંત આણતાં કહ્યું: "રમાકાન્ત! પેલા ઘેટાના સંહારનું દ્રશ્ય મેં જોયું હતું, વળી એવાજ બીજા અવાજથી હું કંપી ઉઠયો હતો અને તેવાજ પ્રસંગે આવું લલિત ને સમયોચિત ભાષણ સાંભળવાનું મળ્યું એટલે મ્હારા હ્રદય ઉપર ખૂબ અસર થઈ. હું વાસ્તવિક પીગળ્યો.ભૂતકાલની મ્હારી પીશાચી લીલા ઉપર તિરસ્કાર છુટયો અને મ્હેં પહેલાં કહ્યું તેમ માંસ—મદિરાના સર્વથા ત્યાગની પ્રતિજ્ઞા કરી."

"શા માટે ન પીગળાય? પત્થરોને પણ પલાળે એવાં વચનો કેમ અસર ન કરે? શશિકાન્ત! હું પણ આજથી પ્રતિજ્ઞા કરૂં છું. ત્હમારા આવ્યા પહેલાં હું મીજલસનાં

સ્વપ્નાં સેવી રહ્યો હતો ને એથી આનંદમાં મસ્ત બની યોગેશ્વરાનંદના ઘરે જતો હતો પરન્તુ હવે મ્હને મ્હારી ભૂલ જણાઈ. એ તો ઠીક. પણ મદિરા પીવામાં શો વાંધો છે ભલા?" રમાકાન્તે કહ્યું.

શશિકાન્તનો ક્રોધ ચાલ્યો ગયો હતો. ત્હેના મુખ ઉપર આનંદ ને સફલતાની સુરખી ઝળકતી હતી. તુર્તજ ત્હેણે રમાકાન્તને જણાવ્યું:

" મદિરા, એ માદક પદાર્થ છે. તે બનાવતાં ત્હેના આથામાં તેજ રંગના અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે, જે આખરે રસ રૂપે ભેગાંજ નીચોવાય છે. વળી ત્હેનું વ્યસન લાગતાં મનુષ્યો એમાં ફના થઇ જાય છે. વખતસર એ નથી મળતી તો ટાંટીયા ઘસવાનો વખત આવે છે. ઉપરાન્ત ખૂબ નશો ચઢી જાય તો ભાન ભૂલાય છે. કેટલાકને તો મા–બૈરીનું, શરીરનું કે કપડાંનુંય ભાન નથી રહેતું. એ શરીરને ક્ષીણ કરે છે અને બુદ્ધિને બગાડે છે. એટલે શારીરિક, માનસિક, તેમજ આર્થિક દૃષ્ટિએ મદિરા વર્જ્ય છે. વળી ધર્મશાસ્ત્રો પણ એ પીવાને નીષેધે છે. આથી ધાર્મિક આંખે જોતાં પણ એ ત્યાજ્ય કહેવાય. ઉપરાન્ત મદિરાની પાછલ અનેક દુર્વ્યસનો ચાલ્યાં આવે છે અને આખરે પીનારને લાચાર બનવું પડે છે."

" અહા ! સત્ય ! અક્ષરશઃ સત્ય ! શશિકાન્ત !

ત્હારૂં કહેવું તદ્દન યથાર્થ છે. આજથી હું મદિરા–પાન પણ નહિ કરવાની પ્રતિજ્ઞા કરૂં છું. અને ઉભય પ્રતિજ્ઞાઓ હું આમરણ નિભાવીશ !" શશિકાન્તનું કથન પૂર્ણ થતાં રમાકાન્તે કહ્યું.

" આજના દિવસને હું ધન્ય માનું છું." શાશકાન્ત રમાકાન્તે કરેલ પ્રતિજ્ઞાઓથી ખુશાલીમાં આવી બોલ્યો: "એક ભયંકર પાતક, ક્રૂર નિર્દયતા, ને અક્ષમ્ય ફનાગીરીમાંથી હું અને તું ઉગરી શકયા છીએ. ખરે, આજના પુણ્યકાર્યનું શ્રેય "હૈદ્રાબાદ (દક્ષિણ)–ની જીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડલી" નેજ પહોંચે છે. ધન્ય છે તેઓને !"

" જરૂર ! તેઓ ધન્યવાદને પાત્ર છે. અને હું તો ત્હમને પણ પરમોપકારી માનું છું કે જ્હેણે મ્હને નરક-કૂપનું ભાન કરાવી બચાવ્યો. અત્યારે તો હું યોગેશ્વરાનં-દને ત્યાં અનેક નિર્દોષ જીવોના ખુનનો ઉપભોગ કરી રહ્યો હોત અને મદિરા પીઇને મસ્તાન બન્યો હોત ! એથી ઉગારવા માટે હું ત્હારો ઋણિ છું." કહી રમાકાન્તે કૃતજ્ઞતા દર્શાવી.

શશિકાન્તે લંબાતી વાત કાપતાં કહ્યું: " ઠીક, ચાલો ત્યારે યોગેશ્વરાનંદને ત્યાં ! "

" હેં ? હવે એને ત્યાં શા માટે ? એ પશુઓની શ્મશાન ભૂમિમાં આપણું શું કામ છે ? "

" ચાલ તો ખરો, મજા આવશે ! "

રમાકાન્તની નજરે શશિકાન્ત ફરીથી એકવાર વિચિત્ર દેખાયો. પણ એણે આગ્રહને આધીન થવુંજ પડયું. અનિચ્છાએ પણ ત્હેણે કહ્યું: " ભલે જેવી ત્હારી મરજી ! "

આમ વાર્તાલાપ પૂર્ણ કરી શોકમાં પેઠેલા ઉભય મિત્રો હર્ષભેર વીકટોરીયા પાર્કમાંથી બહાર નીકળ્યા અને સડક ઉપર જઈ એક સ્થળે ઉભા રહ્યા.

(૭)

પ્રસ્તુત વાર્તાના પ્રારંભમાંજ વાંચકોને વિદિત થઇ ચૂકયું છે કે, યોગેશ્વરાનંદને ત્યાં આજે મીજલસ હતી. યોગેશ્વરાનંદ એક પૈસાપાત્ર યુવક હતો. પિતાના અકાલે થયેલા અવસાન પછી તૂર્તજ ત્હેણે કોલેજ છોડેલી. એનામાં વિલાસ, આનંદ ને ઉડાઉગીરી કોલેજના વિદ્યાર્થીની માફક સ્વત:જ ઉતર્યાં હતાં. એનો મિત્રોનો વર્તુલ મ્હોટો હતો. ઘણા જોડે ત્હેને મ્હોબત હતી ને શ્રીમન્તાઈના કારણે તે સતેજ રહેતી.

એનું ઘર સુશોભિત હતું. અને સજાવટથી આજે તો તે બહુજ આકર્ષક બન્યું હતું. ફુલની માલાઓ, કપડા ને કાગળનાં તોરણો, ઇલેકટ્રીક લાઇટ અને ફરનીચરથી એના ઉત્સવની પ્રભા ચોમેર પથરાઈ હતી. અને દીવાનાખાનામાંનો શણગાર ને રોશની તો આળસુઓને પણ ચેતનવંતાં

કરે ત્હેવી હતી. યોગેશ્વરાનંદ મિત્રોના સ્વાગતાર્થે મુખ્ય-દ્વારા પર ઉભો હતો.

સાડા સાત થતાં મોટરો આવવી શરૂ થઇ. એક પછી એક મિત્રો આવવા લાગ્યા. યોગેશ્વરાનંદે સહુનું સ્વાગત કરીને દીવાનખાનામાં બેસાડયા. આઠ વાગતાં સુધીમાં તો લગભગ બધાય આવી ચૂકયા. આઠ વાગ્યા બાદ પાંચ, દશ ને પંદર મીનીટ પસાર થઇ ગઇ પણ રમાકાન્ત ને શશિકાન્ત ન આવ્યા. સૌનું ધ્યાન દરવાજા તરફ હતું. યોગેશ્વરાનંદ પણ એમનીજ રાહ જેઇ રહ્યો હતો. મિત્રોને ત્હેણે હજુ પણ પા કલાક રાહ જોવા વિનવ્યા.

પાંચ મીનીટ, દશ મીનીટ પસાર થઇ. મીજલસમાં આરોગવાની સૌને ઉતાવળ હતી. છેવટ કાંટો સાડા આઠ ઉપર આવતાંજ એક ભાડુતી મોટરે યોગેશ્વરાનંદના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો. દિવાનખાનાની અટારીએથી સૌ જોઇ રહ્યા. આખર રમાકાન્ત ને શશિકાન્ત આવી પહોંચ્યા. વિલંબનું કારણ જાણવા ઉપરાઉપરી સવાલો પૂછાયા. શરૂમાં તો શશિકાન્તે કહ્યું: "ભાઇ! મોડા થયા માટે તો મોટર ભાડે કરી!" રમાકાન્ત તો આવા વાતાવરણમાં મુંઝાઈ જ ગયો હતો. પ્રેમ જ્યારે તિરસ્કારનું સ્વરૂપ પકડે છે ત્યારે વ્યકિત ભયંકર બને છે. સર્વને ઉત્સાહ જોઈ તે ચીઢાતો હતો.

"પણ, મોડા થવાનું કારણ તો કહો?" મીજલસમાંના એક મહેમાને શશિકાન્તને પુનઃ પ્રશ્ન કર્યો.

" જ્યારે ત્હમારો આગ્રહજ છે તો સાંભળો !" એમ કહી તક જોઇને શશિકાન્તે પોતાની આપવીતી કહેવી શરૂ કરી. કોઇએ કંટાળાથી મ્હોં વાંકા કર્યાં,કોઈએ ઘડીયાલ સ્હામે જોવા માંડયું, કોઇને શશિકાન્તના વેદીયાપણા માટે ત્રાસ આવ્યો જ્યારે કેટલાક ધ્યાનથી સાંભળવા લાગ્યા. પરન્તુ કોણ જાણે કેમેય કોઇ બોલી શકયું નહિ. શશિકાન્તની ધારી અસર ન થઇ. છતાંય કેટલાકોને એનું કથન યોગ્ય લાગ્યું. યોગેશ્વરાનંદના હૃદયમાં વાત ઠસી ગઇ હતી. તેથી તે મુંઝાયોઃ આમંત્રિતોનાં અપમાન કેમ કરાય ? અને માંસ મદિરા મૂકતાં કોઇ દીવાનખાનું છોડી જાય તો ?

એટલામાં ત્હેને યુક્તિ સુઝી. ત્હેણે ધીરેથી કહ્યું: આપણે બે વિભાગમાં વ્હેંચાઈ જઇએ. જે ભાઇઓ આ-જની મીજલસ માટે બનેલ વસ્તુઓ નજ ખાઈ શકતા હોય તે કમ્પાઉન્ડની બેઠકમાં બેસી દુધ, મીઠાઇ વગેરે વા-પરે અને બાકીના મિત્રો આજ સ્થાનને શોભાવે " આટલું કહી ત્હેણે ઓર્ડર કર્યો એટલે ડીશો પથરાઇ અને મદિરાના ગ્લાસો આવવા લાગ્યા. રમાકાન્ત અને શશિકાન્ત દીવાન ખાનું છોડી ગયા. બીજા કેટલાકોએ ત્હેમનું અનુકરણ કર્યું યોગેશ્વરાનંદે પોતે વ્યવસ્થામાં છે એમ કહીને વાત ટાળી. જ્યારે બાકી રહેલા મીજબાનોએ માંસ ને મદિરા ઉડાવતાં કહ્યું: "બીચારા આની લ્હેજત કયાંથી સમજે ?"

"परान्नं दुर्लभं लोके, मा शरीरे दयां कुरु" ના ન્યાયે મીજલસના કેટલાક માનવંતા મિત્રોએ ખૂબ ખાધું પીધું. યોગેશ્વરાનંદે પણ પોતાની શ્રીમન્તાઈને છાજે ત્હેવી મદિરાની ગોઠવણ કરી હતી. આવા અવસર દુર્લભ હોય છે, એમ માની કેટલાકે એટલી બધી પીધી કે જેથી ત્હેમને ભાન પણ ન રહ્યું. અડધા કલાકમાં ચોમેરથી ગરમી લાગવા માંડી ને "આગ ! આગ !, ભાગો ! ભાગો !"ના અવાજ આવવા લાગ્યા. દીવાનખાનામાં કેટલાક બેશુદ્ધ થઈ ગયા હતા, જ્યારે કેટલાક લથડીયાં ખાતા હતા.

(૮)

વાત એમ બનવા પામી હતી કે, આજની મીજલસ માટે કપાએલાં ઘેટાંમાં એકને ઝેરી જન્તુ કરડ્યું હતું. અને ત્હેનું ઝેર ત્હેના શરીરે લગભગ પ્રસરી ચૂક્યું હતું: પરન્તુ કસાઈને ત્હેની શી દરકાર ? ત્હેણે એ ઘેટાને પણ ભેગુંજ કાપ્યું. કેવલ થોડા સ્વાર્થ ખાતર ત્હેણે બીજાઓનો વિચાર સરખો પણ ન કર્યો ! અને કેટલાય માણસો પોતાના જરાસા સ્વાર્થ ખાતર બીજાનાં લોહી ચૂસે છે. તે કપાએલું ઘેટું સાથે પાકતાં બધાય ખાનારાને એનું ઝેર ઓછા વધતા પ્રમાણમાં ચઢ્યું. એટલે શરીરનાં અંગ શીથીલ પડી ગયાં. આ સાથે મદિરાનો કેફ—એટલે કેવી દશા થાય, તે વાંચકે સ્વયં કલ્પી લેવું.

આ પરિસ્થિતિમાં એક નોકરે ખૂબ મદિરા પીઇને બીડી ફુંકતાં ભૂલથી એક કોચ ઉપર દીવાસલી ફેંકી. રૂથી ભરેલો કોચ ને લાકડા ઉપરના વારનીશના સંયોગે કમભાગ્યે તે સળગ્યો ને ભડકો થયો. આજ કાલનાં તકલાદી ફરનીચરોને ફુંકાતાં વાર શી ? ચોમેર આગ ભભૂકી ઉઠી. એક ચાકરે આવી યોગેશ્વરાનંદને ખબર આપી ને તે સાથે કમ્પાઉન્ડની વાડીમાં જ્યાં શશિકાન્ત, રમાકાન્ત અને બીજા મિત્રો દુધ, ચ્હા વિગેરે વાપરતા હતા ત્યાં ગયો. તે લોકો તો ધુમાડો જોઇ આ પહેલાંજ સચેત થઇ ગયા હતા. તેઓ દિવાનખાના પાસે ગયા. ઘણા ખરા તો લથડીયાં ખાતા ભયભીત થઇ બહાર નીકળી આવ્યા હતા પણ બે ત્રણ જણ બેશુદ્ધ થઇ ત્યાંજ પડયા હતા.

બીજી તરફ જે છોકરાના જન્મની વધાઇમાં આજની મીજલસ ગોઠવાઇ હતી ત્હેના પારણાવાળા ઓરડાની આજુ બાજુ આગ કબજો લઇ ચૂકી હતી. યોગેશ્વરાનંદ આ દૃશ્ય ન જોઇ શકયો. ત્હેને તમ્મર આવી ને "Oh, my beloved son–અરે વ્હાલા પુત્ર " એમ બોલતાં મૂર્છાગત થયો. શશિકાન્ત સમયજ્ઞ હતો. ત્હેણે રમાકાન્ત વિગેરેને દીવાનખાનાના મ્હેમાનોના નિશ્ચેષ્ટ શરીરને ઉપાડી લાવવા કહ્યું. એકને બમ્બો બોલાવવા રવાના કર્યો ને પોતે કમ્પાઉન્ડના સળીયા ઉપર થઇ છાપરા પર ચઢયો ને નળીયાં ઉકેલી અંદર ઉતર્યો, આગની પરવા વિના પારણામાં આ-

નંદથી ખેલતા બાલકને તે ઉપાડી છાપરા ઉપર થઇ બહાર આવ્યો.

શશિકાન્તે જોયું કે આગની શીખાઓ આકાશ સાથે વાત કરી રહી હતી. યોગેશ્વરાનંદ બેભાન હતો. ત્હેની સ્રી રૂદન કરતી હતી. બાલક આ જોઇ ગભરાયું હતું. મિત્રોમાંના કેટલાક નિશ્ચેષ્ટ હતા. ઝેરની માહીતી મળતાં કેટલાકને હોસ્પીતાલમાં રવાના કર્યા અને બંબાવાળાએ આવી આગ બુઝાવી. યોગેશ્વરાનંદને પંખો નાંખ્યો ને મુખ ઉપર પાણી છાંટયું. એટલે યોગેશ્વરાનંદનું શબવત્ પડેલું શરીર પુનર્જીવન પામ્યું ને જરા હાલ્યું.

યોગેશ્વરાનંદ ઉભો થયો. એની આંખ સ્હામે આગની જ્વાલામાં અર્ધું ફુંકાઇ ગયેલું ઘર હતું. ફરનીચર રાખ થઇ ગયું હતુ. અને એક બાજુ એની સ્રી કંપતી ઉભી હતી. યોગેશ્વરાનંદ તરત ત્હેને ભેટી પડયો ને આલિંગન આપતાં ત્હેણે શશિકાન્ત તરફ જોયું તો બાલક એની રાહ જોઇ રહ્યું હોય તેમ દેખાયું. શશિકાન્તના તરફ ત્હેણે એક ઉપકાર સૂચક દૃષ્ટિ ફેંકી અને ધનિકતાનું ગૌવર ને અહંતા વિસરી ત્હેણે શશિકાન્તના પગ પકડી લીધા: અને ગળગળા ને રૂંધાતા કંઠે બોલ્યો:

“ મિત્ર! તુંજ મ્હારો જીવનદાતા છે. ત્હેંજ અમ્હને બચાવ્યાં છે. જો તું અહીં ન આવતે અથવા આવીને ચાલ્યો જતે તો આજે હું, મ્હારી વ્હાલી પ્રિયા અને

પ્રાણુ વલ્લભ, કુમળી કળી સમું આ બાલક કુંકાઈ જતે ! પ્યારા મિત્ર ! ત્હરાજ પ્રતાપે હું ને મ્હારો પુત્ર નવજીવન પામ્યાં છીએ. શું ત્હારો અહેશાન ! ”

શબ્દો પૂરા થયા ન થયા ત્યાં તો શશિકાન્તે યોગેશ્વરાનંદના હાથ પકડી ત્હેને ઉભો કર્યો અને બાલકને ત્હેના હાથમાં સોંપ્યું. લુંટાએલો ખજાનો કે સાગરમાં ડુબેલું રત્ન અચાનક મળી આવે ને જેટલો હર્ષ થાય તેટલો યોગેશ્વરાનંદને થયો. અને બાલકને બેઉ ગાલે ઉપરાઉપરી ચુમવા લાગ્યો.

શશિકાન્ત તો અત્યારે પરમ કૃપાળુ પ્રભુની પાર્થનામાં લીન હતો: ને ઉંચી દૃષ્ટિ કરી ત્હેનો ઉપકાર માની રહ્યો હતો. એક વાર ફરીથી ત્હેને એ ભજન અને એ ભાષણો યાદ આવ્યાં અને ફરીથી “જીવરક્ષા જ્ઞાન પ્રચારક મંડલી”નો હાર્દિક આભાર માન્યો. અને યોગેશ્વરાનંદને કહ્યુંઃ

“ ભાઇ ! હું કોઇ ચીજ નથી. આ માટે આપણે તો અનન્ત શક્તિવાન્ પ્રભુને ભજીએ અને મ્હને તથા સૌને ઉદ્ધારનાર હૈદ્રાબાદની મંડલીનો આભાર માનીએ. અસ્તુ. હાલ તો ચાલો મ્હારે ત્યા. ”

કેટલાક આગ્રહ પછી યોગેશ્વરાનંદ શશિકાન્તને ત્યાં ગયો. રાત્રિભર ત્હેણે પથારીમાં આમ તેમ આળોટયા કર્યું. એની સ્હામે આજની ઘટનાનાં દૃશ્યો આવ્યા કરતાં હતાં. માંસની રકાબીઓ, મદિરાના પ્યાલા, મિત્રોની જમાવટ, આગના ભડકા, પોતાની મૂર્છા ને શશિકાન્તની

ચીરતા એની આંખ સ્હામે ખડાં થતાં. એને નુકશાનની એટલી ફીકર ન હતી કારણ કે એ શ્રીમન્ત હતો. પણ આ પરિવર્તન એને મુંઝાવતું. અને દુનિયામાં અસંખ્ય જીવો છે કે જેઓ ભાગ્યના સિદ્ધાન્તને ન સમજતાં મુંઝાય છે. બાકી તો સારૂંય જગત્ એવાં પરિવર્તનોથી પૂર્ણ છે. યોગેશ્વરાનંદે રાત્રિ એમજ પસાર કરી. એ મુંઝવણે એને જીવદયા ને સાત્ત્વિકતાનો પાઠ શીખવ્યો.

આ ઘટનાને અઠવાડીયું વહી ગયું. ડૉકટરોના સમયજોગ લેવાયલા ઇલાજોથી સૌ સાજા તાજા થઇ ગયા. અને યોગેશ્વરાનંદ સૌને ફરીથી પોતાને ત્યાં બોલાવ્યા. કયાં એક અઠવાડિયા પહેલાંનો દેખાવ ને કયાં આજનો! અડધું બળેલું ઘર સુથારો સુધારતા હતા. ન્હોતો દેખાવ કે ન્હોતી એટલી ઉત્સુકતા. બધા આવ્યા ને શશિકાન્ત તો હાજરજ હતો. પોતે પેલી સભામાંથી જે સાહિત્ય લાવ્યો હતો તે મિત્રોને વંચાવ્યું. માંસ—મદિરા ત્યાગની સર્વેએ પ્રતિજ્ઞા કરી અને સૌએ જીવદયાના સર્વ—સમ્માન્ય તત્ત્વનો પ્રચાર કરવા માટે કમર કસી. યોગેશ્વરાનંદે આર્થિક સહાય આપવા કબુલ્યું.

એમના સુપ્રયાસથી અનેક જીવનોમાં ચૈતન્ય પ્રગટયું અને સાચી આર્યતાના સંસ્કાર જાગ્યા.

" બોલો, અહિંસા દેવી કી જય ! "

શ્રી જીવરક્ષા જ્ઞાન પ્રચારક ગ્રંથમાળાનું

સૂચિપત્ર.

અનુક્રમાંક	પુસ્તકનું નામ.	ભાષા	કિં.આ.પૈ.
૧	પુત્ર બલિ કે પશુબલિ?	ગુજરાતી	૦—૬
	,,	હિંદી	૦—૬
	,,	તેલંગી	૦—૬
	,,	કનડી	૦—૬
	,,	મરાઠી	૦—૬
૨	આહાર અને આરોગ્ય	તેલંગી	૦—૬
૩	મનુષ્ય યોગ્ય સ્વાભાવિક આહાર	તેલંગી	૦—૬
	,,	ઉર્દૂ	૦—૬
૪	દેવી ભક્તોં સે અપીલ	હિંદી	૦—૩
	,,	તેલંગી	૦—૩
૫	નાગ પૂજા યા નાગ પીડા?	હિંદી	૦—૩
	,,	તેલંગી	૦—૩
	,,	મરાઠી	૦—૩
૬	પબ્લિકસે અપીલ	હિંદી	અમૂલ્ય
	,,	તેલંગી	,,
	,,	ઉર્દૂ	,,
૭	અહિંસા સંગીત રત્નાવલિ	તેલંગી	૦—૬
૮	દયાનિધિ	હિંદી	૦—૩
	,,	ગુજરાતી	૦—૩
	,,	તેલંગી	૦—૩
૯	દયાજનક દૃશ્ય (સચિત્ર)	ગુજ. હિંદી	૨—૦
	,,	તેલં. અંગ્રે.	૨—૦

૧૦	ગ્રામ દેવતા	તેલંગી	૦—
૧૧	એ જબાં જાનવરોંકી ફરિયાદ	ઉર્દુ	૦—
૧૨	સતજુગ કી આમદ	,,	૦—
૧૩	ગાયકી કહાની (એક મુસલમાન કી જબાની)	,,	૦—
૧૪	સુવર્ણ પિંજર	ગુજરાતી	૦—
૧૫	ગોકરૂણા નિધિ	તેલંગી	૦—
૧૬	અહિંસા	,,	અમુ
૧૭	ક્રિશ્ચિઅનો અને માંસાહાર	,,	૦—
૧૮	ધી હેલ ઓફ વોર	અંગ્રેજી	અમુ
૧૯	નિયમોપનિયમ	હિંદી	અમુલ્ય
	,,	અંગ્રેજી	,,
૨૦	દેવી આજ્ઞા	તેલંગી	૦—૩
	પત્રિકાઓ		
૧	દશેરા પુજા	તેલંગી	અમુલ્ય
૨	અમોઘ વાક્ય	,,	,,
૩	અલ્પજન્તુ વિષ શાન્તિ	,,	,,
૪	હિંસાત્મક મગ્ન મડિ	,,	,,
૫	ક્રિસ્ટમસ અપીલ	અંગ્રેજી	,,

કેટલાંક પુસ્તકો અને પત્રિકાઓ ખપી જવાથી અત્રે તે: નામો નોંધ્યાં નથી. સાહિત્ય મંગાવનારે પુસ્તકોની કિંમત પોષ્ટ સહ અગાઉ મોકલવી.

નિવેદક.

લાલજી :